# અછાંદસ

– એષા દાદાવાળા

## અનુભુતી

કોઈ માના પેટમાં,
બચ્ચું સળવળે,
એમ જ
ડાળી પર પાંદડાંઓ
હળવેકથી હાલે
ત્યારે
ઝાડને શું થતું હશે ?!

★ ★

## ગર્ભપાત

એ રાત્રે
આંખો અને પાંપણો વચ્ચે
સફળ સંસર્ગ થયેલો.
અને આંખોને ગર્ભ રહી ગયેલો સપનાંનો !
માના પેટમાં બચ્ચું આકાર લે,
બસ એમ જ
સપનું વીકસવા લાગ્યું આંખોમાં....
આંખોને મીઠાં ગલગલીયાં પણ થયાં !
ત્યાં અચાનક
પોપચાં ફડક્યાં.
હાથેથી આંખોને પસવારી પણ ખરી.
ત્યાં જ આંખેથી નીકળ્યું પાણી.
સફેદ શ્વેતપટલ લાલ–લાલ થઈ ગયો.
આંખો ખુલી ગઈ
અને
ફરી એકવાર

કસમયે
ગર્ભપાત થઈ ગયો એક સપનાનો !

★ ★

## પગફેરો

દીકરીને અગ્નીદાહ આપ્યો,
ત્યારે ઈશ્વરને બે હાથ જોડીને કહ્યું હતું,
સાસરે વળાવતો હોઉં,
એવી જ રીતે મારી દીકરીને વીદાય કરું છું,
ધ્યાન રાખીશને એનું ?
અને પછી જ
મારામાં અગ્નીદાહ દેવાની તાકાત આવી.
લાગ્યું કે, ઈશ્વરે વેવાઈપણું સ્વીકારી લીધું !
દીકરીને ‘વળાવીને’ ઘરે આવ્યો,
ત્યારે પત્નીએ આંગણામાં પાણી મુક્યું હતું,
નાહી નાખવાનું હતું હવે દીકરીના નામનું !
–દીકરી વીનાનું ઘર આજે દસ દીવસનું થયું,
પત્નીની વારે વારે ભરાઈ આવતી આંખો–
છેલ્લા દસ દીવસથી એકદમ વ્યવસ્થીત રહેલાં
દીકરીના ડ્રેસીંગટેબલ અને તેનાં વૉર્ડરોબ
પર ફરી વળે છે,
હું પણ ત્યાં જોઉં છું.
અને એક નીસાસો નંખાઈ જાય છે,
ઈશ્વર.... દીકરી સોંપતાં પહેલાં
મારે તારા વીશે તપાસ કરાવવાની જરૂર હતી !
કન્યાપક્ષના રીવાજોને તારે માન આપવું જોઈએ,
દસ દીવસ થઈ ગયા,
અને અમારે ત્યાં પગફેરાનો રીવાજ છે !

★ ★

## ઘાત

જ્યોતીષકાકાએ કહ્યું છે,

કુંડળીમાં જળની ઘાત છે.
નદી, જળ, દરીયાથી દુર રહેજે !
પણ.....
તારા
વીરહમાં
મારી તો
આંખ જ થઈ ગઈ છે દરીયો...
હવે ?!

★ ★

## ડેથ સર્ટીફીકેટ

પ્રીય દીકરા,
યાદ છે તને ?
તું નાની હતી ને આપણે પાનાં રમતાં,
તું હંમેશાં જીતી જતી,
અને હું હંમેશાં હારી જતો,
ક્યારેક–ક્યારેક જાણી જોઈને પણ....
તું કોઈ પણ હરીફાઈમાં જતી,
ત્યાંથી કાયમ જીતીને જ આવતી,
પછી તે જીતેલાં તમામ શીલ્ડ અને સર્ટીફીકેટ્સ
તું મારા હાથમાં મુકી દેતી.
અને ત્યારે મને તારા બાપ હોવાનો ગર્વ થતો,
મને થતું કે હું દુનીયાનો સૌથી સુખી બાપ છું !
આપણને કોઈ દુખ હોય,
કોઈ તકલીફ હોય,
તો એક બાપની હેસીયતથી
તારે મને તો કહેવું જોતું હતું....
આમ અચાનક,
તારા બાપને આટલી હદે
હરાવીને જીતાતું હશે...મારા દીકરા....?
તારાં બધાં જ શીલ્ડ અને સર્ટીફીકેટ્સ
મેં હજી સુધી સાચવી રાખ્યાં છે,

પણ એનો અર્થ એ તો નથી ને,
કે તારું ડેથ–સર્ટીફીકેટ
પણ મારે જ સાચવવાનું ?!

★ ★

## ડાયાબીટીસ

તું નાની હતી,
ત્યારે યુનીફોર્મના ગજવામાં
મારે માટે બે–ચાર શીંગદાણા લઈ આવતી.
હું ટેસથી ખાતો.
તારી મમ્મી વઢતીયે ખરી
તમને બાપ–દીકરીને આ બે–ચાર શીંગદાણામાં
શું મઝા આવતી હશે ?
મને ડાયાબીટીસ નીકળ્યો
ત્યારે સૌથી વધારે તું જ રડેલી.
પપ્પા, તમને તો મીઠું બહુ ભાવે, હવે ?
પછી– તારી મમ્મીએ બનાવેલા
સ્ટ્રીક્ટ–ફુડ શીડ્યુલમાં તોડફોડ કરી
તું મારા માટે ગુલાબજાંબુ લઈ આવતી.
ખવડાવતી જાય ને કહેતી જાય,
પપ્પા.... બે ટૅબ્લેટ્સ વધારે લઈ લેજો !
–આજે તારા લગ્ન હતાં
ઉકેલાઈ ગયું, સમેટાઈ ગયું–બધું જ.
હું પણ !
કાશ....આંસુઓને પણ પેરેલીસીસ થઈ શકતો હોત તો ?
એક વાત કહું ?
કદાચ બધી જ દીકરીઓના બાપને
ડાયાબીટીસ હોવો જોઈએ.
એટલે તો અમારે અમારી મીઠડીઓને
સાસરે વળાવી દેવી પડે છે.
પણ તું આવીશ ને,
તારા આ બાપને મળવા...
બે ટૅબ્લેટ્સ વધારે લઈ લઈશ, બસ ?!

★ ★

## ઈન્ટરવ્યુ

તને રાંધતાં આવડે ?
મેં હા પાડી.
કઈ ડીશ સારી બનાવી શકે ?
મેં એનો પણ જવાબ આપ્યો.
ફીલ્મો જોવાની ગમે ?
મેં ફરી હા પાડી.
પછી તો પ્રશ્નોનો રીતસરનો મારો શરૂ થયો...
કયો હીરો બહુ ગમે, શું ભાવે, ક્યાં ફરવાનું ગમે ?
ધીમે ધીમે હું બધા જ પ્રશ્નોના
જવાબો આપતી ગઈ !
પછી થોડીઘણી વાતો પણ કરી–
ભવીષ્યના આયોજન માટેની– ગમતી ફીલ્મોની
સ્ટાઈલ ઓફ લીવીંગની– મીત્રોની...
પણ..
ઉભાં થતી વખતે
‘ચાર દીવાલોમાંથી ઘર બનાવવાનો’
ઉલ્લેખ
ન તો એણે કર્યો
ન તો હું કશું બોલી !

★ ★

## સંભવામી યુગે યુગે

નાની હતી ત્યારે
બાએ મંદીર આગળ મુકેલું માખણ ખાવા જતી
અને બા વઢતી, ‘અલી, મારા ઠાકોરજીને તો પહેલાં ખાવા દે !’
હું બાને ખીજવતી,
‘તારો ઠાકોરજી જાણે તારું માખણ ખાવા આવવાનો હોય !’
અને બા–
ચાર ગણા વીશ્વાસથી બોલતી, ‘હા, એ આવશે જ !’

મોટી થઈ
પછી હું બાના ઠાકોરજીને રીતસરના શોધતી.
પણ ક્યાંય એમના હોવાના અણસાર દેખાતા નહીં મને.
એ જો આવ્યા હોત,
તો એમના જ મંદીરની બહાર ફુલ વેચતી ચંપાની દીકરી
ઠેકાણે ન પડી ગઈ હોત ક્યારની ?
અને ચાર રસ્તા પર ભીખ માંગતા મોહનીયાને
કોઈ બાળસંસ્થાએ દત્તક લઈ લીધો હોત અત્યાર સુધીમાં.
એ જો આવ્યા જ હોત તો,
કાનજીભાઈએ દીકરીના જન્મદીવસે પણ
ખાલી હાથે પાછા ન ફરવું પડ્યું હોત ઘરે !
હું બાને સમજાવતી,
‘તારો ઠાકોરજી નહીં આવે હવે !’
અને બા ગીતા હાથમાં લઈ
એમાં લખેલું ‘સંભવામી યુગે યુગે’ વંચાવતી.. !
બાને પૅરેલીસીસનો પહેલો સ્ટ્રોક આવ્યો
ત્યારે ઢીલી પડી ગયેલી બાને મેં જ કહેલું,
‘ચીંતા નહીં કરતી, તારો ઠાકોરજી આવશે જ’
પછી તો એક દીવસ બાએ જ કહ્યું,
‘જો, આવ્યો મારો ઠાકોરજી મને લેવા’
મને મારી અંદર ફાળ પડેલી
ઠાકોરજીના રુમમાં દોડી જઈ મેં એમને ખખડાવેલા.
‘ખબરદાર છે જો તમે આવ્યા છો તો’
અને પછી બા ચાલી ગયેલી !

બાના ઠાકોરજીનું
સંભવામી યુગે–યુગેનું વચન પાળવાની આ રીત
મને હજી સુધી સમજાઈ નથી !

★ ★

## અંધારું

ત્યારે

મને અંધારાની બહુ બીક લાગતી,
મા કહેતી 'જયશ્રી કૃષ્ણ– જયશ્રી કૃષ્ણ' બોલ
બીક ચાલી જશે
અને હું આંખ બંધ કરી
જયશ્રી કૃષ્ણ બોલતી બોલતી અંધારા વચ્ચેથી પસાર થઈ જતી.
થોડી મોટી થઈ પછી માએ જ સમજાવ્યું,
'અંધારું હોય ત્યારે આંખોને ખુલ્લી રાખવાની–
અંધારાથી એ ટેવાઈ જશે'
અને મને ખુલ્લી આંખે અંધારું જોતાં આવડી ગયું,
પછી તો અંધારું મારી વચ્ચેથી પસાર થઈ જતું
અને હું સ્થીર રહી શકતી.
અને હવે હું
બધી જ લાઈટ્સ ઓફ હોય છે ત્યારે પણ,
મારી બર્થડે કેક પર ગોઠવેલી મીણબત્તીને
ફુંક મારી શકું છું.
કારણ– મને
અંધારું ઉકેલતાં પણ આવડી ગયું છે
અને હવે મને બીક,
અજવાળાંની લાગવા માંડી છે.

★ ★

## ઝાડ

જોઈએ છે એક ઝાડ !
જેની ડાળી પર પંખીઓના માળા
ન હોય તો ચાલશે,
પણ એ પાનખર–પ્રુફ હોવું જોઈએ !
બારે માસ લીલું ને લીલું રહેતું હોય એવું–
ઉંચું–
બીજા માળે આવેલ મારા ફ્લેટની
મારી બાલ્કની સુધી પહોંચી શકે એટલું !
અને
ઘટાદાર પણ જોઈએ જ,

જેનાથી બાલ્કનીનો વ્યુ તો સુધરી જ જાય
પણ
જેને બતાવીને
અંગ્રેજી મીડીયમમાં ભણતા દીકરાને
ગ્રીનરી પર એસે લખાવી શકાય !

– એષા દાદાવાળા

(કવયીત્રી એષા દાદાવાળાના કાવ્યસંગ્રહ ‘વરતારો’ (પ્રકાશક: ઈમેજ પબ્લીકેશન પ્રા. લી. 191/1, ગોપાલભુવન, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ– 400 002 તથા 1-2, સૅન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ– 380 006 પ્રથમ આવૃત્તી: નવેમ્બર, 2008, મુલ્ય: રુ. 100)માંથી સાભાર...

(કવીયીત્રી–સંપર્ક: 105, શાલીભદ્ર કૉમ્પ્લેક્સ, એલ.આઈ.સી ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત મોબાઈલ : 90990 48882, Email: edadawala@gmail.com )

@@@

‘સન્ડે –મહેફીલ’ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: સાતમું – અંક : 244 – May 20, 2012
‘ઊંઝાજોડણી‘માં સાભાર અક્ષરાંકન: શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

**Earlier Articles of all 'Sunday eMahefil's can easily be downloaded from our website:**

**http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM**

@@@@@@@